ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ભારતમાં જાહેરક્ષેત્રોની બેંકો અને ખાનગીક્ષેત્રોની બેંકોના NPA નો તુલનાત્મક અભ્યાસ

**પાટડિયા અંજના ધરમશીભાઈ,**
એમ.એ.,જીસેટ,
અર્થશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

## ❖ સારાંશ

બેંકિંગક્ષેત્ર એ કોઈ પણ દેશના આર્થિક વિકાસમાં મહત્વનુ અને અગત્યનું પાસું હોય છે. દેશનો વિકાસ ખાસ કરીને બેંકિંગક્ષેત્ર પર આધારિત હોય છે. પરંતુ બેંકિંગક્ષેત્રે NPAની સમસ્યા એ દેશના વિકાસમાં અને બેંકિંગક્ષેત્રના વિકાસમાં એક અવરોધક પરિબળ છે. જેના કારણે બેંકિંગક્ષેત્રે ઘણી બધી સમસ્યાઓ જોવા મળે છે. પ્રસ્તુત સંશોધન પત્રમાં જાહેરક્ષેત્રની બેંકો અને ખાનગીક્ષેત્રની બેંકોના NPAની ચર્ચા કરવામાં આવી છે. જેમાં જાહેરક્ષેત્રોની બેંકોમાં 2004 થી 2019 સુધીના સમયગાળામાં UCO BANK, અલ્હાબાદ બેંક, બેંકની ચર્ચા કરવામાં આવી છે. જ્યારે ખાનગીક્ષેત્રોની બેંકોમાં KOTAK MAHINDRA BANK તેમજ CITY UNION BANK ની ચર્ચા કરવામાં આવી છે.

## ❖ બિનકાર્યક્ષમ અસ્કયામતનો અર્થ.

NPA કે જેને Non Performing Assets તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય અર્થમાં બિનકાર્યક્ષમ અસ્ક્યામતો એટલે એ એવી લોન છે જેનું વળતર ચૂકવવામાં આવતું નથી. જેના કારણે બેંક પોતાની આવક ઉત્પન્ન કરી શકતી નથી.

“બેન્કો દ્વારા લેણદારને આપવામાં આવતું ધિરાણ ૯૦ દિવસની સમયમર્યાદામાં જો ન ચૂકવવામાં આવે તો તેને બિનકાર્યક્ષમ અસ્ક્યામત કહેવામાં આવેછે.”

“A Non Performing Assets (NPA) is a loan or advance for which the principal or interest payment remained overdue for a period of 90 days”

VIDHYAYANA

## ❖ જાહેરક્ષેત્રની બેંકો અને ખાનગીક્ષેત્રોની બેંકોનો પરિચય મેળવીએ તો

જાહેરક્ષેત્રોની બેંકોમાં UCO BANK, અલ્હાબાદ બેંક, ખાનગીક્ષેત્રોની બેંકોમાં KOTAK MAHINDRA BANK તેમજ CITY UNION BANK નો પરીચય મેળવીએ તો

**Uco Bank**

Uco bank ને United Commercial Bank તરીકે ઓળખવામાં આવે છે. જેની સ્થાપના 6 જન્યૂઆરી 1943માં થઈ હતી જેનું મુખ્ય મથક કોલકાતામાં છે. Uco Bank એ ભારતની એક મોટી સરકારી માલીકીની વ્યાપરિ બેંક છે. 2014ના ડેટાને આધારે તે ફોર્બ્સ ગ્લોબલ 2000 ની સૂચીમાં 1860માં ક્રમે છે. ટ્રસ્ટ રિસર્ચ એડ્વાઇઝરી દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસ બ્રાન્ડ ટ્રસ્ટ રિપોર્ટ 2014 અનુસાર Uco Bank ભારતની સૌથી વિશ્વસનીય બ્રાંડમાં 294માં ક્રમે છે.

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

ભારત સરકારે 19 જુલાઈ 1969 ના રોજ યુનાઈટેડ કમર્શિયલ બેંકનું રાસ્ટ્રીયકરણ કર્યું રાસ્ટ્રીયકૃત બેંકે લંડન, સિંગાપોર અને હોંગકોંગમાં વિદેશી શાખાઓનું સંચાલન ચાલુ રાખ્યું.

**Allahabad Bank**

અલ્હાબાદ બેંક એ ભારતની સૌથી જૂની રાષ્ટ્રીયકૃત બેંક છે. 24 એપ્રિલ 2014ના રોજ અલ્હાબાદબેંકે 150માં વર્ષમાં પ્રવેશ કર્યો. અલ્હાબાદબેંકની સ્થાપના 24 એપ્રિલ 1865માં કરવામાં આવી હતી. જેનું મુખ્ય મથક કોલકતામાં છે. 31 માર્ચ 2018 સુધીમાં અલ્હાબાદ બેંકની ભારત ભરમાં 3245 થી વધુ શાખાઓ હતી. ઓગસ્ટ 2019ના રોજ નિર્મલા સિતારામને અલ્હાબાદ બેંકને ભારતીય બેંકમાં મર્જ કરવાની વાત કરી

**Kotak Mahindra Bank**

Kotak Mahindra Bankની સ્થાપના ફેબ્રુઆરી 2003માં થઇ હતી. જેનું મુખ્યાલય મુંબઈ મહારાસ્ટ્રમાં આવેલું છે. 1985માં ઉદય કોટકે આ બેકની સ્થાપના કરી હતી જે ભારતીય નાણાકીય સેવાઓનો સમૂહ બન્યો હતો. ફેબ્રુઆરી 2003 માં કોટક મહિન્દ્રા ફાઇનાન્સ લિમિટેડને ભારતીય રિઝર્વ બેંક તરફથી બેંકિંગ લાઇસન્સ મળ્યું. બેંકમેગેઝીન દ્વારા પ્રકાશિત બ્રાન્ડ ફાઇનાન્સ બેંકિંગ 500 દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં Kotak mahindra bank વિશ્વની ટોચની 500 બેંકોમાં 245 ક્રમે છે જેનું બ્રાન્ડ વેલ્યુએશન લગભગ અડધો અબજ ડોલર છે અને AA+ ની બ્રાન્ડ રેટિંગ ધરાવે છે.

**City Union Bank**

City union bank કે જેને પહેલા કુંબકોનમ બેંક તરીકે ઓળખવામાં આવતી હતી જે શરૂઆતમાં તમિલનાડુના તંજાવર જીલ્લામાં પ્રાદેશિક બેંકની ભૂમિકાને ભજવતી હતી. સિટી યુનિયન બેંકની સ્થાપના 1904ના રોજ મર્યાદિત કંપની તરીકે સ્થાપના થઇ હતી જેની હાલમાં 653 શાખાઓ અને 1486 ATM છે જેનું મુખ્ય મથક કુંબકોનમ , તામિલનાડુંમાં છે.

- **હેતુ**

જાહેર ક્ષેત્રની અને ખાનગી ક્ષેત્રની બેંકોમાં NPA નું પ્રમાણ જાણવું અને તેનું તુલનાત્મક અભ્યાસ કરવો

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

### ❖ અભ્યાસનો સમયગાળો.

પ્રસ્તુત સંશોધન પત્રમાં 2011 થી 2019 સુધીના સમયગાળામાં જાહેરક્ષેત્રોની બેંકોમાં UCO BANK, અલ્હાબાદ બેંકનો NPA નો અભ્યાસ કરવામાં આવ્યો છે. જ્યારે ખાનગી ક્ષેત્રમાં KOTAK MAHINDRA BANK તેમજ CITY UNION BANK ના NPA નો અભ્યાસ કરવામાં આવ્યો છે.

### ❖ માહિતી એકત્રીકરણ.

પ્રસ્તુત સંશોધન પેપરમાં ગૌણ માહિતી દ્વારા એટલે કે ઇંટરનેટ દ્વારા માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### ❖ અભ્યાસની પધ્ધતિ.

આ સંસશોધન પેપર વર્ણનાત્મક પધ્ધતિ પર આધારિત છે. જેમાં જાહેરક્ષેત્રની બે બેંકો અને ખાનગીક્ષેત્રની બે બેંકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

### ❖ માહિતીનું વિશ્લેષણ.

**જાહેરક્ષેત્રની બેંકો** (કરોડ રૂપિયામાં)

| BANK | Uco bank | | | Allahabad bank | | |
|---|---|---|---|---|---|---|
| **YEAR** | Gross NPA | Gross Advances | Ratio (%) | Gross NPA | Gross Advances | Ratio (%) |
| **2004** | 1450.36 | 20034.48 | 7.24 | 1418.46 | 16386.15 | 8.66 |
| **2005** | 1399.4 | 28233.9 | 4.96 | 1284.3 | 22151.5 | 5.8 |
| **2006** | 1234.74 | 37816.68 | 3.27 | 1183.83 | 30061.22 | 3.94 |
| **2007** | 1506 | 47471 | 3.17 | 1094 | 41914 | 2.61 |
| **2008** | 1652 | 55627 | 2.97 | 1011 | 50312 | 2.1 |
| **2009** | 1539.51 | 69669.05 | 2.21 | 1078.25 | 59443.4 | 1.81 |
| **2010** | 1665.02 | 77568.26 | 2.15 | 1220.85 | 71509.92 | 1.71 |
| **2011** | 3090.17 | 93246.24 | 3.31 | 1646.98 | 91585.45 | 1.8 |
| **2012** | 4019.7 | 107839.9 | 3.73 | 2056.4 | 107527.2 | 1.91 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **2013** | 7130.09 | 131569.07 | 5.42 | 5136.99 | 130936.26 | 3.92 |
| **2014** | 6621.37 | 153163.18 | 4.32 | 8068.05 | 140905.46 | 5.73 |
| **2015** | 10265.05 | 151812.23 | 6.76 | 8357.96 | 153095.14 | 5.46 |
| **2016** | 20907.73 | 129961.21 | 16.09 | 15384.58 | 157707.24 | 9.76 |
| **2017** | 22540.95 | 131655.01 | 17.12 | 20687.83 | 158103.37 | 13.09 |
| **2018** | 30549.92 | 123989.54 | 24.64 | 26562.79 | 166435.86 | 15.96 |
| **2019** | 29888.33 | 119573.01 | 25.00 | 28704.78 | 163552.33 | 17.55 |

ટેબલની વિગતો જોતાં સ્પસ્ટ થાય છે કે જાહેરક્ષેત્રની UCO BANK અને **Allahabad bank** ની વર્ષ 2004 થી 2019 સુધીની કુલ બિન કાર્યક્ષમ અસ્કયામતો (Gross NPA), કુલ ધિરાણ (Gross Advances) અને કુલ ધિરાણના સંદર્ભમાં કુલ બિન કાર્યક્ષમ અસ્કયામતોની ટકાવારી (NPA in Percentage) ની વિગતો દર્શાવે છે. 2004માં UCO બેંકનું કુલધિરણ **20034.48** કરોડ રૂપિયા હતું જેનું NPA રકમમાં **1450.36** કરોડ રૂપિયા હતું જેનું જે કુલધિરાણના **7.24** ટકા હતું. જયારે Allahabad bank માં કુલધિરાણ **16386.15** કરોડ રૂપિયા હતું જયારે NPA રકમમાં **1418.46** કરોડ રૂપિયા હતું જે કુલધિરાણના **8.66** ટકા હતા. આ પરથી કહી શકાયકે Allahabad bank કરતા **Uco bank** નું ધિરાણ વધુ હતું. તોપણ NPA Allahabad bank બેંકનું વધું જોવા મળે છે. 2004 થી 2015 સુધીના વર્ષોમાં બંને બેંકોના NPA માં ઘટાડો જોવા મળે છે પરંતુ 2015 બાદ તેમાં મોટો વધારો જોવા મળે છે. 2019માં આ પ્રમાણ વધીને UCO BANKમાં 25 ટકા અને Allahabad bank 17.55 ટકા જોવા મળે છે આ પરથી કહી શકાયકે UCO BANK માં NPA ના પ્રમાણમાં મોટો વધારો થયો છે. અલબત Allahabad bank માં પણ NPA માં સતત વધારો થયો છે. પરંતુ Allahabad bank કરતાં UCO BANKમાં NPA નું પ્રમાણ 2015 બાદ વધુ જોવા મળે છે.

**ખાનગીક્ષેત્રની બેંકો** (કરોડ રૂપિયામાં)

| **BANK** | **KOTAK MAHINDRA BANK** | | | **CITY UNION BANK** | | |
|---|---|---|---|---|---|---|
| **YEAR** | Gross NPA | Gross Advances | Ratio (%) | Gross NPA | Gross Advances | Ratio (%) |
| **2004** | 19.96 | 2113.51 | 0.94 | **167.42** | 1615.9 | 10.36 |
| **2005** | 29.3 | 4031.6 | 0.73 | **121.6** | 2066.8 | 5.88 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **2006** | 39.91 | 6372.92 | 0.63 | **112.83** | 2611.67 | 4.32 |
| **2007** | 282 | 10989 | 2.57 | **87** | 3380 | 2.57 |
| **2008** | 453 | 15729 | 2.88 | **83** | 4575 | 1.81 |
| **2009** | 730.71 | 16959.21 | 4.31 | **102.08** | 5686.22 | 1.80 |
| **2010** | 767.34 | 21177.88 | 3.62 | **93.5** | 6896.71 | 1.36 |
| **2011** | 603.49 | 29718.73 | 2.03 | **112.48** | 9328.96 | 1.28 |
| **2012** | 614.2 | 39451.9 | 1.56 | **123.5** | 12221.7 | 1.01 |
| **2013** | 758.11 | 48918.57 | 1.55 | **173.1** | 15342.88 | 1.73 |
| **2014** | 1059.44 | 53517.03 | 1.98 | **293.06** | 16223.62 | 1.81 |
| **2015** | 1237.23 | 66794.88 | 1.85 | **335.82** | 18088.54 | 1.36 |
| **2016** | 2838.11 | 120281.19 | 2.36 | **511.98** | 21253.1 | 2.41 |
| **2017** | 3578.61 | 137980.76 | 2.59 | **641.98** | 24112.49 | 5.21 |
| **2018** | 3825.38 | 171940.51 | 2.22 | **856.55** | 28238.58 | 3.03 |
| **2019** | 4467.94 | 208632.15 | 2.14 | **977.05** | 33065.25 | 2.95 |

ટેબલની વિગતો જોતાં સ્પસ્ટ થાય છે કે ખાનગીક્ષેત્રની બેંકોની વર્ષ 2004 થી 2019 સુધીની કુલ બિન કાર્યક્ષમ અસ્કયામતો (Gross NPA), કુલ ધિરાણ (Gross Advances) અને કુલ ધિરાણના સંદર્ભમાં કુલ બિન કાર્યક્ષમ અસ્કયામતોની ટકાવારી (NPA in Percentage) ની વિગતો દર્શાવે છે. 2004માં KOTAK MAHINDRA BANKનું કુલધિરણ 2113.51 કરોડ રૂપિયા હતું જેનું NPA રકમમાં 19.96 કરોડ રૂપિયા હતું જે કુલધિરાણના 0.94 ટકા હતું. જયારે CITY UNION BANK માં કુલધિરાણ 1615.9 કરોડ રૂપિયા હતું જયારે NPA રકમમાં 167.42 કરોડ રૂપિયા હતું જે કુલધિરાણના 10.36 ટકા હતા. 2004ની તુલનામાં 2019 ના વર્ષમાં KOTAK MAHINDRA BANKના NPA માં વધારો જોવા મળે છે. જયારે CITY UNION BANK NPA નું પ્રમાણ ઘટી રહ્યું છે. જે CITY UNION BANK માટેની સારી સ્થિતિ સૂચવે છે.

## ❖ તારણો.

ખાનગી ક્ષેત્રોની બેંકો કરતાં જાહેર ક્ષેત્રોની બેંકોમાં NPA નું પ્રમાણ ઘણું વધુ છે. જાહેર ક્ષેત્રોની બંને બેંકોમાં NPA નું પ્રમાણ 2004 ની તુલનાએ 2019 માં ઘણું વધતું જોવા મળે છે. જ્યારે ખાનગી ક્ષેત્રોની બેંકોની વાત કરીએ તો KOTAK MAHINDRA BANK માં સામાન્ય રીતે 2004 ની તુલનાએ 2019 માં NPA નું પ્રમાણ સામાન્ય રીતે વધતું જોવા મળે છે જ્યારે CITY UNION BANK માં NPA નું પ્રમાણ 2004 ની તુલનાએ 2019 માં ઘટતું જોવા મળે છે. જે ખાનગી ક્ષેત્રની CITY UNION BANK માટેની ઘણી સારી સ્થિતિ સૂચવે છે. ખાનગી ક્ષેત્રની બેંકો કરતાં જાહેર ક્ષેત્રોની બેંકો NPA નું પ્રમાણ ઘણું વધુ જોવા મળે છે. પ્રસ્તુત સંશોધન પેપર પરથી એ તારણ ફલિત થાય છે કે બેંકિંગ ક્ષેત્રે NPA એ દેશના આર્થિક વિકાસ માટે એક મોટો ખતરો છે. જેમાં જાહેર ક્ષેત્રની બેંકોના NPA ના વધતાં જતાં પ્રમાણના કારણે દેશનો આર્થિક વિકાસ રૂંધાઇ છે તેથી સરકાર દ્વારા બેંકોના NPAમાં ઘટાડો થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ જેથી બેંકિંગ સેક્ટર અને દેશના આર્થિક વિકાસમાં વધારો થાય.

## ❖ સંદર્ભસૂચિ.

https://dbie.rbi.org.in
https://m.rbi.org.in
https://m.wikipedia.org/wiki/Listofbanksinindia